તબીબી સારવાર ખર્ચની મંજૂરી આપવા બાબતની દરખાસ્તમાં ખાનગી કંપની દ્વારા વીમા પેટે મંજૂર થયેલ રકમ અંગે સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: બમશ/૧૩/૨૦૧૮/૧૪૮/ગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૫/૧૦/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા..૨૪/૦૮/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ(પા.ફા.).

રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓના તબીબી સારવાર ખર્ચની મંજૂરીની દરખાસ્તોની ચકાસણી દરમિયાન જણાયું છે કે કેટલીક બાબતે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી દ્વારા કે નિયામકશ્રી, શાળાઓની કચેરી દ્વારા મળતી દરખાસ્તોમાં એકસૂત્રતા જળવાતી હોતી નથી. ખાસ કરીને મેડિકલેમ ધરાવતા કર્મચારીઓના સંદર્ભમાં જો આ કર્મચારીએ ખાનગી કંપની પાસેથી વીમાનો લાભ મેળવેલ હોય, તો તબીબી સારવાર ખર્ચ મંજૂર કરવા બાબતની દરખાસ્તમાં તેઓને થયેલ કૂલ ખર્ચ પૈકી કેટલી રકમ માટેની દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવી, તથા આ રકમ મંજૂર કરવાની સત્તા કોને છે? તે બાબતે મતભેદ જેવા મળે છે.

આ બાબતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરામર્શમાં જરૂરી સ્પષ્ટતા બહાર પાડવાની બાબત વિભાગમાં વિચારણા હેઠળ હતી.

***પરિપત્ર :-***

પુખ્ત વિચારણાના અંતે રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારી જે મેડિક્લેમ ધરાવતા હોય અથવા / અને ખાનગી કંપની પાસેથી વીમાનો લાભ મેળવેલ હોય, તો તબીબી સારવાર ખર્ચ મંજૂર કરવા બાબતની દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરતા સમયે નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવા આથી સૂચના આપવામાં આવે છે:

(૧) અરજદારને તબીબી સારવારના થયેલ કૂલ ખર્ચમાંથી ખાનગી કંપની તરફથી મેડિક્લેમ પેટે મળેલ રકમ પ્રથમ બાદ કરી, બાકી રહેતી રકમ માટે દરખાસ્ત કરવી.

(૨) કૂલ ખર્ચમાંથી વિમાની રકમ બાદ કર્યા પછી જે રકમ વધે તે મંજૂર કરવાની સત્તા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧)ના નિયમ ૧૧.૧ મુજબ નીચે પ્રમાણે રહેશે:

| ક્રમ | રકમ | મંજૂરીની સત્તા |
|---|---|---|
| (૧) | રૂ. ૨૫,૦૦૦/- ની મર્યાદા સુધી | કચેરીના વડાને |

| | | |
|---|---|---|
| (૨) | રૂ. ૨૫,૦૦૦/- થી રૂ. ૧,૦૦,૦૦૦/- સુધી | ખાતાના વડાને |
| (૩) | રૂ. ૧,૦૦,૦૦૦/- થી રૂ. ૨,૦૦,૦૦૦/- સુધી | વહીવટી વિભાગના વડાને |
| (૪) | રૂ. ૨,૦૦,૦૦૦/- થી વધારે | આરોગ્ય અને પ. ક. વિભાગ |

મેડિક્લેમ ધરાવતા કર્મચારીને મેડિકલ રીએમ્બર્સમેન્ટ મેળવતી વખતે વીમા કંપની દ્વારા ચૂકવાયેલ રકમ તથા મેડિકલ રીએમ્બર્સમેન્ટની નિયમાનુસાર મંજૂર થયેલ રકમ એ બંને રકમ મળીને તેઓએ તબીબી સારવાર માટે થયેલ ખરેખર કુલ રકમ કરતા વધે નહિ તે રીતે અને તેટલું જ મજરે મળવાપાત્ર રહેશે.

હવેથી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓની તબીબી સારવાર ખર્ચની દરખાસ્ત ઉપર મુજબની સૂચનાઓ ધ્યાને લઇને, પૂરતી ચકાસણી કર્યા બાદ વિભાગને મોકલી આપવા આથી સૂચના આપવામાં આવે છે.

આ સૂચના આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તા. ૨૬/૯/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ. પુરોહિત)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, બ્લોક નં-૭, ૭મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(શાળાઓ), શાળાઓની કચેરી, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે).
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ, (નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે).
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઇલ.
- તા.સે.અ. પસંદગી ફાઇલ.